## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



ના ના, ખાસ કાંઇ નથી... નવરાત્રીમાં રમવા ગયો હતો ત્યાં લખ્યુ હતુ કે બે ડોઝ લીધા હોય તેમને જ રમવાની પરમીશન છે... અને લકીલી મારા ફ્રીઝમાં પડ્યુ જ હતુ..

### સાધુ સમાજની ખેડુત હક્ક આપવા ઉગ્ર માંગ

# ગુજરાત રાજ્ય ત્રિપાંખ સાધુ સમાજના નેજા હેઠળ ધરણા યોજાયા

ગાંધીનગર, તા.૬

થોડા દિવસો અગાઉ પાટનગરની છાવણી આંદોલનોથી ધમધમી ઉઠી હતી. વિવિધ સમાજના સંગઠનો અને વિવિધ કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓને લઈ સરકાર સામે મોરચો માંડ્યો હતો. જેમાં સરકાર દ્વારા હકારાત્મક અભિગમ દાખવતા મોટાભાગના આંદોલનો સમેટાઈ ગયા છે. ત્યારે હવે ખેડુત હકથી વંચિત રહેલા સાધુ સમાજ પણ પાટનગરની છાવણી ખાતે ધરણા-પ્રદર્શન યોજી મુખ્યમંત્રીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. શ્રી ગુજરાત રાજય ત્રિપાંખ સાધુ સમાજ સંગઠનના નેજા હેઠળ સરકારને છેલ્લા અઢી દાયકાથી પોતાના પડતર પ્રશ્નો અંગે રજુઆત કરવામાં આવે છે. તેમ છતા સરકાર દ્વારા હજુ સુધી એક પણ પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવ્યો નથી.જેને પગલે સાધુ




સમાજમાં રોષ ભભુકી ઉઠ્યો છે. શ્રી ગુજરાત રાજય ત્રિપાંખ (રામાનંદી, દશનામી, વૈષ્ણવ) સાધુ સમાજ સંગઠન તેમજ ગ્રામ્ય કક્ષાના વિવિધ અને જિલ્લા-તાલુકા કક્ષાના સંગઠનો દ્વારા ધરણા-પ્રદર્શનનો યોજાયા હતા. આ પ્રસંગે સમાજના પ્રમુખ વૈંકુઠગીરી ગોસ્વામીએ જણાવ્યું છે કે૧૯૯૭ થી આજદીન સુધી સાધુ સમાજને ખેડુત હકક મેળવવા માટે જે તે સમયની સરકાર સમક્ષ પણ ખેડુત હકક માટે રજુઆતો કરવામાં આવી હતી. તેમ છતા સાધુ સમાજને ખેડુત હકકથી વંચિત રાખવામાં આવ્યા છે. રાજયના મંદિરો અને ધર્મ સ્થાનો સાથે જોડાયેલી ખેતીની જમીન જે રેવન્યુ પરિભાષામાં દેવ સ્થાન કે ધર્માદાની જમીન તરીકે ઓળખાય છે.ત્યારે આ જમીનોના અમો વંશપરંપરાગત મંદિરના પુજારીઓ ખેતી કરતા આવ્યા છીએ અને કરે છે. તેમ છતા સરકાર હજુ સુધી સાધુ સમાજને ખેડુત ગણતી નથી. ત્યારે સાધુ-સમાજને ખેડુત હકક, મંદિરના પુજારીને પગાર આપવો, રહેણાંક તેમજ મંદિરના વીજબીલ માફ કરવા, એનટીડીએનટીના હક્કો પરત આપવા, મોટા શહેરમાં શંકરાચાર્ય અને રામાનંદાચાર્યની સમાધિ સ્થળ માટે ૨૫૦૦ ચો.ફુટ જમીન ફાળવવી, સહિતના પ્રશ્નોનું નિરાકરણ નહી આવે તો સાધુ સમાજે ઉપવાસ પર બેસવાની ચિમકી ઉચ્ચારી છે.

## ખૂણેખાંચરેથી



● ગાંધીનગર જિલ્લાતંત્ર ગરીબ કલ્યાણ મેળાના આયોજનમાં વ્યસ્ત બન્યુ છે. આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

● જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે ગરીબ કલ્યાણ મેળાની સમીક્ષા બેઠકમાં ગેરહાજર રહેનાર અધિકારીઓને નોટીસ આપવાનો નિર્ણય જિલ્લાતંત્રએ કર્યો છે.

● ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ૩૭ ડિગ્રી નોંધાયો હતો. જો કે આકાશ વાદળછાયુ છવાયેલુ રહ્યુ હતુ.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં વાહકજન્ય રોગચાળાના કેસો સતત વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

● ગાંધીનગર જિલ્લા મેલેરિયા અધિકારીની જગ્યા બે વર્ષના અંતે ભરાઈ છે. આ જગ્યા પર આણંદના મેલેરિયા અધિકારી આલોક કુલશ્રેષ્ઠની નિયુક્તી કરાઈ છે અને તેમણે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

● કારોબારી સમિતિના ચેરમેન તરીકે વરાયેલા અનિલ પટેલે ચાર્જ સંભાળતા પંચાયતના તમામ કર્મચારી-અધિકારીઓને ૩૦૦થી વધુ ડીશ પાણી-પુરી અને રગડાપેટીસનો નાસ્તો કરાવ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં આજે સાંજના સુમારે વરસાદી માહોલ છવાયો હતો.

● ગાંધીનગર મનપાની કચેરીના પ્રથમ માળે મુલાકાતીઓને બેસવા માટે સારી વ્યવસ્થા કરવામાં આવી છે.

● ૮મી ઓક્ટો.થી યોજાનાર સાઈકલીંગની સ્પર્ધા માટે આજે સવારે ૭ વાગ્યાથી પ્રેક્ટીસ શેસન યોજાશે.

● જિલ્લા પંચાયત પ્રમુખ અને અન્ય પદાધિકારીઓએ અટકેલા કામોને લઈ આજે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી.

● ગાંધીનગર જિલ્લામાં ફાઈલોના નિકાલ માટે ખાસ ઝુંબેશ હાથ ધરવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. મુલાકાતીઓ અને અરજદારો ધક્કા ખાઈને હવે કંટાળી ગયા છે.

## નેશનલ કો. ઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશનમાં ગાંધીનગરના પરેશભાઈ પટેલનો ભવ્ય વિજય

### વિશાલસિંહ ચેરમેન અને યશપાલસિંહ વાઈસ ચેરમેન તરીકે બિનહરિફ ચૂંટાયા



ગાંધીનગર, તા. ૬

એનસીસીએફની ચૂંટણી ન્યૂ દિલ્હી ખાતે યોજાય હતી. આ ચૂંટણીમાં આગામી પાંચ વર્ષ માટે ડિરેક્ટરોની ચૂંટણી કરવામાં આવી હતી. જેમાં ગુજરાતમાંથી ક્રિભકોના ડિરેક્ટર પરેશભાઈ પટેલ દ્વારા ઉમેદવારી નોંધાવી હતી. પરેશભાઈ પટેલે મહારાષ્ટ્ર મુંબઈના વિરેન્દ્રસિંહ સામે ૪૭ માંથી ૩૬ મત મેળવી ભવ્ય જીત મેળવી હતી. પ્રતિસ્પર્ધી વિરેન્દ્રસિંહને ફક્ત ૧૧ મત મળ્યા હતા. મતદાન ભારતના દરેક રાજ્યો પૈકી ડેલીગેટોએ કરવાનું હતું. હરિફ ઉમેદવાર વિરેન્દ્રસિંહ અગાઉ બે વાર ચેરમેન અને એકવાર વાઈસ ચેરમેન તરીકે રહી ચૂક્યા છે, તેમને પરેશભાઈ પટેલે ૩૬ મત મેળી કારમી હાર આપી છે, હવે એનસીસીએફમાં ગુજરાતના એક માત્ર ડિરેક્ટર પરેશભાઈ પટેલ પ્રતિનિધિત્વ કરશે. ગુજરાતમાંથી ૨૧ જેટલા ડેલીગેટોએ મતદાનમાં ભાગ લીધો હતો. આ ચૂંટણીમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દાદરા અને નગરહવેલી, દમણ, દિલ્હી, હરિયાણા, કર્ણાટક, તામિલનાડુ, કેરાલા, ઉત્તરપ્રદેશ, બિહાર જેવા સમગ્ર ભારતના રાજ્યોના ડેલીગેટોએ મતદાનમાં ભાગ લીધો હતો.



ભારતમાલા પ્રોજેક્ટના વિરોધમાં સત્યાગ્રહ છાવણી ખાતે ખેડૂતો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ખેડૂતોએ ઉગ્ર રજૂઆત કરતા પોલીસે ખેડૂતોની અટકાયત પણ કરી હતી.

# ઝુંડાલ નજીક ફાર્મ હાઉસ પરથી એક શખ્સનું અપહરણ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના ઝુંડાલ ફાર્મ હાઉસ પરથી પત્નિની નજર સામે પાંચ શખ્સોએ દિકરા, વહુ અને વેવાઈ સાથે ચાલી રહેલી બબાલ મુદ્દે સમાધાન કરવાનું કહી હોબાળો કરી પતિનું અપહરણ કરી પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઝુંડાલ રાઘવ ફાર્મથી કેનાલ તરફ જતા સર્વિસ માર્ગ પર ભરત પટેલના ફાર્મ ખાતે રહેતા સંતોકબેન અમરતભાઈ દેવીપુજકને સંતાનમાં ત્રણ દિકરા અને એક દિકરી છે. જે પૈકી સૌથી નાનો દિકરાના લગ્ન નટુભાઈ જકશીભાઈ દેવીપુજક(રહે. મણીનગર)ની દિકરી સાથે થયા હતા.પરંતુ મહેશની પત્ની પિયરમાં રહેવા માંગતી હોવાથી અમદાવાદ જતી રહી હતી. જેથી મહેશ પણ ઘર જમાઈ બનીને સાસરીમાં રહેવા માટે ગયો હતો. જે અંગે વારંવાર સમાજનું પંચ બોલાવ્યું હતું પણ તે આવતો ન હતો. જેથી સંતોકબેનના કહ્યામાં ના હોય સંબંધનો અંત લાવી પેપરમાં જાહેરાત આપી દિકરાને મિલ્કતમાંથી બેદખલ કરી દીધો હતો.જેને પગલે વેવાઈ નટુભાઈ જકશીભાઈ દેવીપુજક અમદાવાદના વિવિધ પોલીસ મથકમાં સંતોકબેન સહિતના વિરુધ્ધ ખોટી અરજીઓ કરી હેરાન પરેશાન કરે છે. ગત તા. ૨ જી ઓકટોબરના રોજ રાતના આઠ વાગે સંતોકબેન તેમજ તેના પતિ અમરતભાઈ ઘરે આરામ કરી રહ્યા હતા. તે સમયે રાતના અગીયાર વાગે પાંચ અજાણ્યા શખ્સો ઘરે આવ્યા હતા.તમે વ્યકિતઓ નટુભાઈ જકશીભાઈનો ઝઘડો કેમ મટાડતા નથી તેમ કહેવા લાગ્યા હતા. જેથી અમરતભાઈએ કહ્યુ કે અવારનવાર સમાજનું પંચ બોલાવ્યુ છે અને સમાજનો દાવો પણ ચુકવી દીધો હતો. ત્યારે આ શખ્સો કહેવા લાગ્યા કે તેમ પુરો દાવો ચુકવ્યો નથી, જેથી તમારે દાવાની રકમ તો ચુકવવી પડશે. ત્યારબાદ પુત્ર અને પુત્રવધુ સાથેના ઝગડાનો અંત લાવવો પડશે.જો કે અમરતભાઈએ સંબંધ રાખવાની ના પાડતા પાંચ શખ્સો સંતોકબેનને ધક્કો મારી નીચે પાડી દીધા હતા. ત્યારપછી ઝપાઝપી કરી અમરતભાઈને ઉંચકીને અપહરણ કરીને પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે સંતોકબેને ફરીયાદ નોંધાવતા પોલીસે અમરતભાઈની શોધખોળ શરુ કરી હતી.

## શહેરમાં હત્યાના આરોપીએ સાક્ષીને જાનથી મારી નાંખવાની ધમકી આપી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૪ ખાતે રહેતા હત્યાના આરોપીએ હાલ જામીન પર મુકત થયો છે. ત્યારે આરોપીએ હત્યા કેસમાં સાક્ષી રહેલા યુવકને ફોન પર અને ઘરે જઈ હાથમાં છરી લઈ જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૪ સી પ્લોટ નં.૧૨૬૨-૧૨ ખાતે રહેતા દિપક મગનભાઈ વાઘેલા સામે ગાંધીનગર સેસન્શ કોર્ટમાં કેસ નં.૩૩-૨૦૧૯ માં હત્યાના ગુનામાં સાક્ષી તરીકે સેકટર-૫ બી પ્લોટ નં.૫૬૯-૧ ખાતે રહેતા રાજદીપ રમેશભાઈ અમીન હતા. આ ગુનામાં દિપક વાઘેલાને આજીવન કેદની સજા ફરમાવી છે. જયારે આરોપીએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી છે. જયારે હાલના સમયે દિપક વાઘેલા જામીન પર મુકત થયો છે.રાજદીપ અમીન ગુનામાં સાક્ષી તરીકે હોવાથી ગત તા.૨૦-૯-૨૨ ના રોજ રાત્રીના સાડા આઠ વાગે રાજદીપ અને પરિવારના સભ્યો ઘરે હાજર હતા. તે સમયે દિપક વાઘેલા દારૂ પીધેલી હાલતમાં હાથમાં છરી લઈ ફરીયાદીના ઘરે આવ્યો હતો અને કહ્યું હતું કે તુ મારા કેસમાં સાક્ષી હતો જેથી મને સજા થઈ છે અને મારે ખર્ચો થયો છે તેમ કહીને ગાળાગાળી કરી ફરીયાદી તેમજ તેના ભાઈ તેજસને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. દિપકને સમજાવવાનો પ્રયત્ન કરતા તે ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને પાછળ દોડતા તે નીચે પડી ગયો હતો. જેથી તેને માથાના ભાગે ઈજા પહોંચી હતી. જયારે અગાઉ પણ દિપક વાઘેલાએ ફોન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## આર.જી. કન્યા વિદ્યાલય ખાતે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન




ગાંધીનગર, તા. ૬

સર્વવિદ્યાલય કેળવણી મંડળ કડી, ગાંધીનગર સંચાલીત શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે તા. ૩-૧૦-૨૨ને સોમવારના રોજ ગુજરાત રાજ્ય માહિતી સેવા સત્તામંડળ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને તાલુકા કાનૂની સેવા સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાનૂની શિક્ષણ શિબિર અંતર્ગત ખાસ ઉપસ્થિત રહેલા શ્રીમતી વિમળાબેન અયાચીએ શિબિરમાં ઉપસ્થિત શાળાની વિદ્યાર્થિનીઓને કાનૂની સમસ્યાઓના નિવારણ તથા જાતીય સતામણીના સંજોગોમાં કેવાં પગલાં લેવા તેની વિસ્તૃત અને વિગતે માહિતી આપી હતી. આ ઉપરાંત શ્રીમતી વિણળાબેન બાલઉત્પીડન, બાળઅત્યાચાર, બાળઘરેલું હિંસા, બાળકોનું શોષણ અને બાળકોના સંરક્ષણ સંબંધી ઉપયોગી માહિતી આપી હતી. આ શિબિરમાં પધારેલ સુધીરભાઈ દેસાઈએ પણ કાનૂની સેવા સત્તામંડળની પ્રવૃત્તિઓ તેમજ ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૧૮ વર્ષ અને ૧૮ વર્ષથી ઉપરના કિશોર-કિશોરીઓ માટે તેમની સુરક્ષાહેતુ સમયાંતરે રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલ વિવિધ અધિનિયમોથી વિદ્યાર્થિનીઓને વાકેફ કરી હતી. તેમણે પોસ્કોના કાયદા વિશે પણ માહિતી આપી હતી. સુધીરભાઈ દેસાઈએ જાતીય સમતામણીના સંદર્ભે આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંયુક્ત રાષ્ટ્રો દ્વારા કરવામાં આવેલ ઠરાવ અને તેની જોગવાઈઓથી હાજર વિદ્યાર્થિનીઓને વાકેફ કરવામાં આવી હતી.



કુડાસણ સ્થિત શ્રીફળ હાઈટ્સ એપાર્ટમેન્ટ ખાતે નવરાત્રી મહોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આઠમના દિવસે સોસાયટીની બહેનોએ ફૂલોની રંગોળી કરી હતી. ફૂલોની આ અનોખી રંગોળી સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી.

# મહુન્દ્રા ગામે દશેરાની રાત્રે માતાજીનો રથ વાજતે ગાજતે કાઢવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૬

ગુજરાતમાં નવરાત્રી મહોત્સવના નવલા નોરતાની ભક્તિભાવપૂર્વક ભવ્ય રાસ-ગરબા સાથે સંપન્ન થયો. ત્યારે ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા અને ચિલોડા ગામમાં નવ દિવસ નવરાત્રીમાં ગરબાની રમઝટ બોલાવી ખેલૈયા ગરબે હર્ષોલ્લાસ રીતે પર્વની અનોખી ઉજવણી કરી ત્યારે મહુન્દ્રા અને ચિલોડા ગામમાં વર્ષોની પરંપરાગત રીતે માતાજીનો રથ રાત્રે પૂજા-અર્ચના સાથે સૌ ગ્રામજનો વાજતે ગાજતે ગામની સીમ વિસ્તારમાં મુકવાની પ્રથા હજુ શ્રદ્ધા વ્યક્ત કરી મા ના ગુણલા ગાતાં ગામના સૌ એક સંપથી માતાજીના રથને ભાવભરી વિદાય આપવામાં આવી હતી. ગામને સુતરના દોરાથી સમગ્ર ગામને સુતરવાની પ્રથા જોવા મળી હતી.



## સરસ્વતી વિદ્યાલય ખાતે નશાબંધી સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા. ૬

નશાબંધી સપ્તાહ ઉજવણીના ભાગરૂપે સેક્ટર-૬માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નશાબંધી વિષયને ધ્યાનમાં રાખીને વક્તૃત્વ સ્પર્ધા તેમજ નાટક રાખવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં નશાબંધી અને આબકારી વિભાગમાંથી ગોવિંદભાઈ અને ગાંધીનગર શહેર નિયોજક ભાવેશભાઈએ હાજરી આપી હતી. શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા પણ હાજર રહ્યા હતા. શાળાના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ વક્તૃત્વ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉપસ્થિત મહેમાન ગોવિંદભાઈ અને ભાવેશભાઈએ વિદ્યાર્થીઓને નશાથી થતા નુકસાન વિશે તેમજ નશાથી સાવધાન રહેવાની સલાહ આપી હતી.

# શ્રી જલારામ સેવા સમાજના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૬

શ્રી જલારામ સેવા સમાજના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી છે. જેમાં સેવંતીલાલ જે. ઠક્કર (પ્રમુખ), અરવિંદભાઈ આર. ઠક્કર (ઉપપ્રમુખ), અશોકભાઈ જે. પોપટ (મંત્રી), રાજેશકુમાર એમ. ઠક્કર (સહમંત્રી), અમીતભાઈ એમ. હાલાણી (કોષાધ્યક્ષ), ભરતકુમાર વી. આચાર્ય (સહકોષાધ્યક્ષ) તરીકે નિમણૂંક પામ્યા છે. આ સાથે જ કારોબારી સભ્ય તરીકે કિશોરભાઈ હિન્ડોચા, ટેકચંદભાઈ એમ. ઠક્કર, હરિભાઈ એમ. ઠક્કર, બીપીનભાઈ બી. ઠક્કર, વર્ધીલાલ એ. ઠક્કર, ભરતભાઈ મહેશભાઈ ઠક્કરની નિમણૂંક કરવામાં આવી છે. તથા આમંત્રિત કારોબારી સભ્ય તરીકે હૃદયનાથ એમ. ધનેશા, અનીલભાઈ પી. સેજપાલ, કિશોરભાઈ બી. આચાર્ય, નવનીતભાઈ એમ. હાલાણી, ધવલકુમાર હિતેન્દ્ર તન્ના, કીર્તિલાલ જમનાલાલ ઠક્કર, નિરંજન લલીતચંદ્ર પુજારા, સુરેશકુમાર જમનાદાસ જસાણી, ભાઈલાલ રવજીભાઈ હાલાણીની નિમણૂંક કરાઈ છે. તેમ અખબારી યાદીમાં જણાવ્યુ છે.



સેક્ટર-૭ના કટ પાસે પાણીની મોટી પાઈપલાઈન નાંખવાનુ કામ પૂરજોશમાં ચાલી રહ્યુ છે. આ માર્ગને વાહનવ્યવહાર માટે હાલ પૂરતો બંધ કરવામાં આવ્યો છે.

## આજે સેક્ટર-૧૦-એ ખાતે 'સુવર્ણદિન' વિમોચન સમારોહ

ગાંધીનગર, તા. ૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના લાગણીભીનાં સંસ્મરણોને અગ્રણી સામાજિક કાર્યકર ગિરીશ શર્માએ સંપાદિત કરી 'સુવર્ણદિન' નામથી પુસ્તકરૂપે આકાર આપ્યો છે. જેના વિમોચનનું આયોજન તારીખ ૭ ઓક્ટોબરને શુક્રવારે સાંજે ૭ કલાકે ઓડિટોરિયમ હોલ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સેક્ટર-૧૦-એ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના અધ્યક્ષ કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા તથા વિશેષ ઉપસ્થિતિમાં (અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર) ભાગ્યેશ જહા ઉપસ્થિત રહેશે. આ સાથે જ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ રહેશે.

## વનશ્રી ટ્રસ્ટ દ્વારા વાઈલ્ડલાઈફ વીકની ઉજવણી




ગાંધીનગર, તા. ૬

વન વિભાગ અને વનશ્રી ટ્રસ્ટ દ્વારા ૨જી ઓક્ટોબરથી ૮મી ઓક્ટોબર સુધી સ્કૂલો, કોલેજો, સામાજિક સંસ્થા અને વિવિધ સ્થળોએ વાઈલ્ડલાઈફ વીકની ઉજવણી ચાલી રહી છે. જેમાં નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, રેલી, પોસ્ટર મેકિંગ, વાઈલ્ડલાઈફ ફિલ્મ શો નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉજવણીમાં ૫૦૦થી વધારે લોકો ભાગ લઈ ચૂક્યા છે. વિજેતા દરેક વિદ્યાર્થીને ઈનામો અને સર્ટીફિકેટ આપીને નવાજવામાં આવશે. આ કાર્યક્રમનું સંચાલન અંજના નીમાવત દ્વારા કરવામાં આવી રહ્યું છે અને ગાંધીનગરના ડી.સી.એફ. ચંદ્રેશભાઈના માર્ગદર્શન દ્વારા સંપૂર્ણ કાર્યક્રમ ચાલી રહ્યો છે.

## રાષ્ટ્રીય કક્ષાની વાડોકાઈ કરાટે સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડીઓનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર,તા.૦૬

તાજેતરમાં ઓડિશા રાજ્યના ભુવનેશ્વર ખાતે ૨૪મી ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પીયનશીપ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યની ટીમમાં ગાંધીનગરના ખેલાડીઓની પણ પસંદગી થઈ હતી. કાતા અને કુમીતે એમ બે ઈવેન્ટ માં આ સ્પર્ધા યોજાઈ હતી. બે દિવસ ચાલેલી આ સ્પર્ધામાં ઓડીશા ઉપરાંત ગુજરાત, દીવ અને દમણ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, તેલંગાના, તમિલનાડુ, વેસ્ટ બંગાળ, આંધ્રપ્રદેશ, આસામ અને અરુણાચલ પ્રદેશના ચુનંદા ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગરના અર્થ સોની, કુ. કાવ્યા વૈષ્ણવ તથા કુ. ઈશ્વા રાવલ ત્રણેય ખેલાડીઓએ ફાઈટમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો



હતો. કાતા ઈવેન્ટમાં એક સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરવામાં ગાંધીનગરના ખેલાડીઓ સફળ રહ્યા હતા. આ ખેલાડીઓને ગાંધીનગર સ્થિત વાડોકાઈ કરાટેના નિષ્ણાત કોચ સેનસાઈ શ્રી દર્શનભાઈ સુથાર દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું. ગાંધીનગરના નિયામક તથા ફેડરેશનના ટેકનીકલ ડાયરેક્ટર રેન્શી શ્રી ગૌરાંગભાઈ રાણા તથા ફેડરેશનના ચીફ ટેકનીકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ વિજેતા ખેલાડીઓને તથા તેને પ્રશિક્ષણ આપનાર કોચને આ ઝળહળતી સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.